
# પોપ્યુલેશન બોમ્બથી માનવ સંભાવના સુધી; એક ડરામણી આગાહીનું પુનર્મૂલ્યાંકન

70ના દાયકામાં દુનિયાના માથે વધતી વસ્તીની ચિંતા મોટી હતી. અનેક પર્યાવરણવિદો ચેતવણી ઉચ્ચારતા હતા કે વસ્તી વધારો નિયંત્રિત કરવામાં નહીં આવે તો ભવિષ્યમાં અનેક સંકટો ઉભાં થશે. તેમની ચિંતા એ હતી કે ત્રીજા વિશ્વમાં ઊંચા પ્રજનન દરના કારણે વિકાસશીલ દેશોમાંથી અમેરિકા અને પશ્ચિમના દેશો તરફ મોટાપાયે સ્થળાંતર થશે અને તેના કારણે સંસાધનો અને પર્યાવરણ પર દબાવ વધશે, જે વિનાશ નોંતરશે.



પ્રલયની આવી આગાહી કરવાવાળા વિચારકોમાં મોખરે હતા અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર પૌલ આર. એર્લિચ. વસ્તી વિસ્ફોટના કારણે ભવિષ્યમાં પૃથ્વી પર અકાળ પડશે અને સામાજિક ઉથલ-પાથલો થશે તેવી તેમની ભવિષ્યવાણી એટલી ડરામણી હતી કે દુનિયાભરના પર્યાવરણવિદો તેમના ‘અનુયાયી’ થઈ ગયા હતા. તેમણે ત્યાં સુધી કહ્યું હતું કે વસ્તી પર નિયંત્રણ નહીં આવે તો અમુક સમાજોનું ‘દાયકાઓની અંદર જ’ પતન નિશ્ચત છે.

એવું ન થયું. ઊલટાનું આજે વિકસિત દેશો ઘટતા જન્મદરની સમસ્યા સાથે સંઘર્ષ કરી રહ્યા છે અને ભારત-ચીન જેવા મોટી વસ્તીવાળા દેશો વિશ્વના વિકાસનું એન્જિન બની રહ્યા છે. પૌલ એર્લિચે દુનિયાની વસ્તીને ડબલ થતી જોઈ એટલું જ નહીં, વધુ વસ્તી વાળા ત્રીજા વિશ્વના દેશોને વિકાસની હરણફાળ ભરતાં પણ જોયા. તેઓ 93 વર્ષના હતા અને 14મી જાન્યુઆરીએ અવસાન પામ્યા ત્યારે, દુનિયાભરના મીડિયાએ તેમને ‘ખોટા પડેલા ભવિષ્યવેતા’ તરીકે યાદ કર્યા હતા.


એર્લિચનો જન્મ 1932માં થયો હતો. તેમને નાનપણથી જ પર્યાવરણમાં દિલચસ્પી હતી. મોટા થયા પછી તે જીવવિજ્ઞાનમાં ભણ્યા હતા. 1969માં, કેલિફોર્નિયાની કોમનવેલ્થ ક્લબમાં એર્લિચે વસ્તીવધારા પર એક પ્રવચન આપ્યું હતું. રેડિયો પર તેનું પ્રસારણ પણ કરવામાં આવ્યું હતું. તેમને એ પ્રવચન બદલ એટલી વાહવાહી મળી હતી કે એક અમેરિકન પ્રકાશક અને એક પર્યાવરણવાદી ક્લબે તેમને આ વિષય પર પુસ્તક લખવા માટે પ્રેર્યા અને એ રીતે તેમનું એક પ્રસિદ્ધ અને વિવાદસ્પદ પુસ્તક ‘ધ પોપ્યુલેશન બોમ્બ’ આવ્યું.

**ફાયરવોલ**
**રાજ ગોસ્વામી**

પુસ્તકમાં તેમણે ચેતવણી આપી હતી કે જો વસ્તી વૃદ્ધિ આ જ ગતિએ ચાલુ રહેશે, તો પૃથ્વીના મર્યાદિત સંસાધનો માનવજાતની જરૂરિયાતો પૂરી કરી શકશે નહીં. આ પુસ્તક માત્ર વૈજ્ઞાનિક અભ્યાસ નહોતું, પરંતુ એક જોરદાર ચેતવણી હતી; એક એવી ચેતવણી જેને તેમણે ‘બોમ્બ’ના રૂપક દ્વારા વધુ પ્રભાવશાળી બનાવી હતી.

એર્લિચે ‘પોપ્યુલેશન બોમ્બ’ શબ્દ એટલા માટે પસંદ કર્યો કે તેમના મતે વસ્તી વૃદ્ધિ એક ટિક-ટિક થતા ટાઈમ બોમ્બ જેવી છે, જે કોઈપણ ક્ષણે ફાટી શકે છે. આ વિસ્ફોટ યુદ્ધ કે હથિયાર તરીકે નહીં, પરંતુ દુષ્કાળ, સંસાધનોની અછત અને પર્યાવરણના વિનાશ રૂપે દેખાશે, એવો તેમનો વિશ્વાસ હતો. 1960ના દાયકામાં, જ્યારે વિશ્વની વસ્તી ઝડપથી વધી રહી હતી અને વિકાસશીલ દેશોમાં ખાદ્ય ઉત્પાદન મર્યાદિત હતું, ત્યારે આ ભય વાસ્તવિક લાગતો હતો. તે સમયના સંદર્ભમાં એર્લિચનો અભિગમ એક જવાબદાર વૈજ્ઞાનિકની ચિંતાનું પ્રતિબિંબ હતો.

પરંતુ સમય સાથે સ્પષ્ટ થયું કે તેમની ઘણી આગાહીઓ સાચી સાબિત થઈ નહોતી. તેમણે અનુમાન લગાવ્યું હતું કે 1970 અને 1980ના દાયકામાં, ખાસ કરીને ભારત જેવા દેશોમાં, મોટા પાયે દુષ્કાળ અને ભૂખમરીથી લાખો લોકોનાં મોત થશે. પરંતુ આવું બન્યું નહીં. માનવજાતની નવીનતા અને વૈજ્ઞાનિક પ્રગતિએ આ દિશા બદલી. કૃષિ ક્ષેત્રમાં હરિત ક્રાંતિએ ખાદ્ય ઉત્પાદનને અણધાર્યા સ્તરે વધારી દીધું. સુધારેલા બીજ, ખાતર, સિંચાઈ અને આધુનિક કૃષિ પદ્ધતિઓએ બતાવ્યું કે માણસ સમસ્યાનો ઉકેલ શોધવામાં સક્ષમ છે. સાથે સાથે શિક્ષણના પ્રસાર, ખાસ કરીને મહિલાઓના શિક્ષણ અને શહેરીકરણના કારણે જન્મદર ધીમે ધીમે ઘટવા લાગ્યો જેનાથી વસ્તીવૃદ્ધિની ગતિ પણ નિયંત્રિત થઈ. એટલે એ પણ સ્પષ્ટ થયું કે એર્લિચે માનવ સમાજની અનુકૂલન સાધવાની ક્ષમતાને ઓછી આંકી હતી. વૈશ્વિક વેપાર અને પુરવઠા પ્રણાલીના વિકાસને કારણે એક વિસ્તારમાં અછત હોય તો બીજા વિસ્તારમાંથી સંસાધનો મેળવવા શક્ય બન્યું. એટલે તેમણે કલ્પેલો ‘વિસ્ફોટ’ એ રીતે થયો નહીં. છતાં પણ, તેમની ચેતવણી સંપૂર્ણપણે ખોટી હતી એવું કહેવું યોગ્ય નથી. આજેય આપણે જળવાયુ પરિવર્તન, જૈવ વૈવિધ્યનો ઘટાડો અને કુદરતી સંસાધનોના અતિશય શોષણ જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છીએ, જે તેમની ચિંતામાં રહેલી સચ્ચાઈ તરફ ઈશારો કરે છે.




સમય જતાં વસ્તી પ્રત્યેનો દૃષ્ટિકોણ પણ બદલાયો છે. આજે વસ્તીને માત્ર સમસ્યા નહીં, પરંતુ સંભાવિત શક્તિ તરીકે જોવામાં આવે છે. મોટી વસ્તીનો અર્થ માત્ર વધુ વપરાશ નથી, પરંતુ વધુ માનવીય મૂડી પણ છે. દરેક વ્યક્તિ તેની સાથે જ્ઞાન, કુશળતા અને નવીનતા લાવે છે. યુવા વસ્તી ધરાવતા દેશો ‘ડેમોગ્રાફિક ડિવિડન્ડ’નો લાભ લઈ શકે છે, જે આર્થિક વિકાસને ગતિ આપે છે. વધુ લોકો એટલે વધુ વિચારો, વધુ ઉદ્યોગસાહસ અને વધુ ઉકેલો; અને એ જ કારણ છે કે ભારત જેવા અનેક દેશોએ પોતાની વસ્તીને પોતાની તાકાતમાં ફેરવી છે.

તે સિવાય, મોટી વસ્તી એક વિશાળ બજાર પણ ઊભું કરે છે, જે ઉદ્યોગ, વેપાર અને સેવાઓના વિસ્તરણને પ્રોત્સાહન આપે છે. ભારત અને ચીન આ જ બાબત પર પશ્ચિમના વિકસિત દેશોને હંફાવે છે. સ્પર્ધા વધવાથી નવીનતા પણ વધે છે. ઈતિહાસ સાબિત કરે છે કે માનવ પ્રગતિનો મોટો હિસ્સો વધતી વસ્તી અને તેની સાથે આવતા પડકારોથી પ્રેરિત રહ્યો છે. સમસ્યાઓ વધે છે, ત્યારે તેમના ઉકેલો શોધવાની પ્રેરણા પણ વધે છે.

**એર્લિચે ‘પોપ્યુલેશન બોમ્બ’ શબ્દ એટલા માટે પસંદ કર્યો કે તેમના મતે વસ્તીવૃદ્ધિ એક ટિક-ટિક થતાં ટાઈમ બોમ્બ જેવી છે, જે કોઈ પણ ક્ષણે ફાટી શકે છે. આ વિસ્ફોટ યુદ્ધ કે હથિયાર તરીકે નહીં પરંતુ દુષ્કાળ, સંસાધનોની અછત અને પર્યાવરણના વિનાશ રૂપે દેખાશે, એવો તેમનો વિશ્વાસ હતો**

એ સમજવું જરૂરી છે કે વસ્તી ત્યારે જ વરદાન બની શકે જ્યારે તેને યોગ્ય દિશામાં વિકસાવવામાં આવે. શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને સંસાધનોનું સંતુલિત સંચાલન ન હોય, તો એ જ વસ્તી ભાર બની શકે. એટલે મૂળ પડકાર સંખ્યાનો નથી પરંતુ ગુણવત્તા અને સંચાલનનો છે. એર્લિચના અભિગમમાં આ દ્રષ્ટિકોણની કમી હતી.

ખેર, એર્લિચને યાદ રાખવાનો આધાર તેમની સાચી-ખોટી અગાહીઓ ન હોવો જોઈએ. તેમનું યોગદાન એ છે કે જ્યારે કોઈને વિચાર નહોતો આવતો ત્યારે તેમણે દુનિયાને વસ્તી વધારા અંગે વિચારવા મજબૂર કરી હતી અને આપણને યાદ અપાવ્યું કે પૃથ્વીના સંસાધનો મર્યાદિત છે. તેમનો ‘પોપ્યુલેશન બૉમ્બ’ ભલે ફાટ્યો ન હોય, પરંતુ તેણે માનવજાતને સમયસર સચેત જરૂર કરી.

આજે જ્યારે આપણે વસ્તીને એક અવસર તરીકે જોઈ રહ્યા છીએ, ત્યારે પણ એર્લિચની ચેતવણી એટલી જ પ્રાસંગિક છે. તેમની સાચી શ્રદ્ધાંજલિ એ જ હશે કે આપણે તેમની વાતોને અતિશયોક્તિ ગણાવીને નકારી ન કાઢીએ, પરંતુ તેમાંથી શીખ લઈએ અને એવું સંતુલન સ્થાપિત કરીએ જ્યાં વસ્તી, માનવ વિકાસ અને પૃથ્વીના સંરક્ષણ વચ્ચે સુમેળ જળવાઈ રહે.•

# અરીસાની અંદરબહાર

તમે દિવસમાં કેટલી વાર અરીસામાં જુઓ છો?’- આવું કોઈને પૂછવામાં આવે, તો શક્ય છે કે તેમને માઠું લાગે. એમ પણ થાય કે ‘તમારે શી પંચાત? મારો અરીસો, મારું મોં. મારે જેટલી વાર જોવું હોય એટલી વાર જોઉં.’ પછી તેમને સમજાવીએ કે, ‘આ તો એક સમાજશાસ્ત્રીય સર્વેક્ષણના ભાગરૂપે તમને પૂછીએ છીએ’ એટલે સરકારની કરવેરા નાખવાની મૌલિકતા વિશે ખાતરી ધરાવતા લોકો કહેશે, ‘એક મિનિટ. એટલે સરકાર હવે અરીસામાં મોં જોવા ઉપર પણ ટેક્સ નાખવા માગે છે? એવું કરતાં પહેલાં તે પોતે એક વાર જરા અરીસામાં જુએ...’



અરીસામાં જોવું એ આમ તો તદ્દન નિર્દોષ પ્રવૃત્તિ છે. કેટલાક લોકો સવારે ઊઠતાં વેંત સૌથી પહોલાં અરીસા આગળ જઈને વીંખાયેલા વાળ સરખા ન કરે, ત્યાં સુધી તેમને ઉઠ્યાનો અહેસાસ અને સંતોષ થતાં નથી અથવા પોતે ઉઠેલા હોવાનું તે જાહેર કરતા નથી. છેલ્લાં વીસ-ત્રીસ વર્ષમાં, શહેરી વિસ્તારોમાં તો ખાસ, મોં ધોવા-બ્રશ કરવાની જગ્યા સામે જ એક અરીસો મુકી દેવાય છે, જેથી અરીસામાં અલગથી જોવા જવાની તસ્દી ન લેવી પડે. એ વખતે અરીસો માણસની જાગૃતિનું પ્રતિક બની જાય છે.

વિજ્ઞાનકથાની રીતે વિચાર કરી જુઓઃ એક માણસ રાત્રે કોઈ દવા પીને સૂઈ ગયા પછી, સવારે ઉઠે ત્યારે તે દવાની અસરથી અદૃશ્ય બની ગયો હોય, તો તેને એ વાતની પહેલવહેલી ખબર ક્યારે પડે? સીધી વાત છે. અરીસામાં જોઈને. ત્યારે અરીસો તેના અસ્તિત્વનો પુરાવો બની જાય અને માણસને અસ્તિત્ત્વવાદી સવાલો થવા માંડે કે ‘હું છું એટલે છું? કે પછી હું અરીસામાં દેખાઉં છું એટલે છું?

**બોલ્યું-ચાલ્યું માફ**
**ઉર્વિશ કોઠારી**

દરેક માણસ ઓછેવત્તે અંશે પોતાના પ્રેમમાં હોય, પણ આપણા વડાપ્રધાન- અને કેટલાક ગુજરાતી કટારલેખકો -પોતાના પ્રેમમાં એટલા માથાબૂડ હોય છે કે તે ચોવીસે કલાક ચોતરફ અરીસાથી વીંટળાયેલા રહેતા હશે, એવું લાગે. ત્યારે પહેલી વાર શીશમહલ જેવી ઈમારત પાછળ રહેલું શિલ્પકળા ઉપરાંતનું મહત્ત્વનું કારણ સમજાય. રાજાને એક અરીસામાં જોયે થોડો સંતોષ થાય? તેને તો સહસ્ત્ર અરીસામાં પ્રતિબિંબ દેખાય ત્યારે જ હાંઉ થાય. આપણા વડાપ્રધાન રાજા નથી (એ મુદ્દે તેમની વર્તણૂંક અને તેમાંથી પ્રગટ થતી માનસિકતા જુદાં છે. છતાં કમ સે કમ, બંધારણીય રીતે તો એ રાજા નથી).

એટલે તેમને શીશમહલ તો નહીં, પણ મંદિરે દર્શન કરવા જાય ત્યારે સુદ્ધાં બાર-પંદર કેમેરા આજુબાજુ ન હોય ત્યાં સુધી ચાલતું નથી. તેમના માટે કેમેરા અરીસાની ગરજ સારે છે.

બીજાના હિસાબે ને જોખમે પોતાના ફોટા-વિડીયો ઉતરાવવાની-ઉતરાવ્યા જ કરવાની સુવિધા બધા પાસે હોતી નથી. એવા ‘વંચિત’ આત્મમુગ્ધો માટે ‘અરીસા શ્રી’, ‘અરીસા ભૂષણ’ અને ‘અરીસા વિભૂષણ’ જેવાં વિશેષ સન્માન બનાવવાં જોઈએ. મોરારીબાપુએ કથામાં કરેલા ઉલ્લેખને ગળામાં લટકાવીને ફરી શકતા લોકોને આવાં તાજ્જાં કાઢેલાં સન્માન લેવામાં કશી શરમ ન હોવી જોઈએ. આમ પણ, વડાપ્રધાન જેવા વડાપ્રધાન ઈઝરાઈલનું તાજ્જું બનાવેલું સન્માન હોંશે હોંશે ગળામાં પહેરી આવ્યા હોય, તો બીજાએ શા માટે ક્ષોભિત થવું અથવા અરીસો જોવો?

અરીસો જોવો કે અરીસો બતાવવો, એ ઠપકાના કે અસલિયત બતાવવાના ભાવ માટે વપરાતો શબ્દપ્રયોગ છે, પણ તેમાં એક મૂળભૂત વાંધો છે. જેમને એ બતાવવાની જરૂર હોય એવા લોકોમાંથી ઘણા માટે તો અરીસો વશરામ ભૂવાના કૂવા જેવો હોય છે. એવા લોકો અરીસાની સામે ઊભા રહીને, દલા તરવાડી બનીને પૂછે છે, ‘અરીસા રે અરીસા, હું કેવો સરસ લાગું છું?’ તો અરીસો તેમને કહેવાનો જ છે, ‘અરે, આ વિશ્વમાં તમારાથી સરસ બીજું કોઈ નથી લાગતું. તમે જ અરીસા-રત્ન છો. અહીં તો તમે જ વિશ્વગુરુ છો.’ વર્તમાન ભારતમાં કેટલાક લોકોને આંખ સામે જે દેખાય, તે પણ જોવું નથી હોતું. તે અરીસામાં શું અસલિયત જોવાના? એ તો અરીસામાં જે દેખાય તે નહીં, જે જોવું હોય તે જ જોશે. તેમને કશું અપ્રિય દેખાશે, તો તે કહેશે, ‘આ અરીસો છે જ નક્કામો, નકારાત્મક. તેને બદલી નાખવો પડશે.’ માનવજાતની ઉત્ક્રાંતિમાં મહત્ત્વની શોધોની વાત થાય તેમાં અરીસાનો ભાગ્યે જ ઉલ્લેખ થાય છે. જરા વિચારો, પાંચ-છ હજાર વર્ષ પહેલાં અરીસા નહીં હોય ત્યારે લોકો પોતાના વાળ શામાં જોઈને ઓળતા હશે? મેક-અપ શી રીતે કરતા હશે? દાઢી તો સો-દોઢસો વર્ષ પહેલાં સુધી બીજા પાસે કરાવવાનો રિવાજ હતો. તેમ છતાં, દાઢી કરાવી લીધા પછી એ બરાબર થઈ કે નહીં, તેની ખાતરી શી રીતે કરતા હશે? પ્રિયતમ કે પ્રિયતમાની આંખમાં જોવાની વાત કવિતા પૂરતી બરાબર છે, પણ પ્રિયતમાની આંખમાં જોઈને વાળ ઓળી શકાતા નથી કે દાઢી કરી શકાતી નથી.

**તેમને શીશમહલ તો નહીં પણ મંદિરે દર્શન કરવા જાય ત્યારે સુદ્ધાં બાર-પંદર કેમેરા આજુબાજુ ન હોય ત્યાં સુધી ચાલતું નથી. તેમના માટે કેમેરા અરીસાની ગરજ સારે છે**

અરીસા ન શોધાયા હોત તો માણસજાત કેટલી પ્રાથમિક અને મહત્ત્વની ક્રિયાઓ તથા તેનાં પરિણામ બાબતે પરાવલંબી રહી જાત. આ વિચાર કોઈ વડાપ્રધાન સુધી પહોંચાડે તો તે એકાદ રાષ્ટ્રવ્યાપી દર્પણસપ્તાહ કે દર્પણોત્સવ જરૂર ઉજવી પાડે અને પહેલો આયનો ભારતમાં શોધાયો હતો, એવું પણ એનસીઈઆરટીનાં પાઠ્યપુસ્તકોમાં ઉમેરાવી શકે. સરકારે ‘સુધારેલાં’ પાઠ્યપુસ્તકોમાં હલદીઘાટીના યુદ્ધમાં રાણા પ્રતાપ જીતી શકતા હોય, તો ભારત પહેલો અરીસો કેમ ન બનાવી શકે?

મૂળ વાત તો અંદરના-અંતરના અરીસામાં જોવાની છે પણ તેની પરનું આવરણ શી રીતે હટે? કોણ હટાવે? કોણ હટાવવા દે?•

## ઈશિતાનું અલકમલક

### બે નંબરી રાજકુમારની એક નંબરી ‘કુનેહ’

મૂળ-અસ્સલ કે પછી મૌલિક જણસને આપણે બધા પૂરા માન-સન્માન સાથે વધાવીએ પણ એની તુલનામાં ડુપ્લિકેટ યાની કે બનાવટી-નકલીને આડકતરી રીતે નકારીએ... જો કે હકીકત એ છે કે બન્નેની દુનિયા સાવ વિરોધાભાસી છે. અસ્સલવાળાની દુનિયા ફિક્કી અને બોરિંગ છે, જ્યારે ડુપ્લિકેટ-નકલીની દુનિયા બડી રોમાંચક છે. એમાંય નકલ કરનારો જો જબરો અભિનય કરે તો એણે ખડી કરેલી નકલી દુનિયા પણ સો ટચના સોના જેવી અસલી લાગે . આપણા વિખ્યાત અભિનેતા ઉપેન્દ્ર ત્રિવેદીના અફલાતૂન અદાકારીથી વિશ્વવિખ્યાત બનેલું નાટક ‘અભિનય સમ્રાટ’ આજે પણ નાટ્યરસિકો માટે ચિરસ્મરણીય બની રહ્યું છે. અલગ અલગ ધર્મ-જ્ઞાતિના અનેકવિધ પાત્રોની ભૂમિકામાં ઉપેન્દ્રભાઈનો ‘ઈ હું નઈ!’નો લહેકો આજે પણ તખ્તા પર જાણે પડઘાય છે... એ જ રીતે , થોડા મહિના અગાઉ અવસાન પામેલા જાણીતા લેખક રજનીકુમાર પંડ્યાની એક નોવેલ ‘અવતાર’માં ય મુખ્ય પાત્ર વિભિન્ન રજવાડાના કુંવરનો સ્વાંગ રચીને જે રીતે લોકોને બેવકૂફ બનાવી એવો ખંખેરી નાખતો કે આપણે ‘આફરિન’ પોકરી જઈએ. આવા અસલી-નકલીના બે કિસ્સા જાણવા જેવા છે. એમાંથી એક વિદેશનો છે, જ્યારે બીજો સ્વદેશનો. આજે આપણે સ્વદેશી બનાવટની વાત પહેલાં કરીએ. આ વાત છે આમચી મુંબઈના એક ‘કલાકાર’ની, જે ફિલ્મ કે નાટકમાં અભિનય નથી કરતો પણ એ પોતાના અભિનયની કુનેહ રોજિંદા વાસ્તવિક જીવનમાં દેખાડે છે. એ સોશ્યલ મીડિયાનાં પ્લેટફોર્મ્સ પર પોતાને રાજસ્થાનના એક રાજવી પરિવારના કુંવર રાજબીર સિંહ તરીકે ઓળખાવે છે. આ યુવાન બોલે-ચાલે બહુ સ્માર્ટ. કોઈની પણ સાથે બહુ જલદી મૈત્રી કરી લેતો. ખાસ કરીને, કુંવારી યુવતી અને પરિણીત મહિલાઓને પોતાની માયાજાળમાં બહુ જ સહજતાથી લપેટી લે પછી અલગ અલગ હાઈ-ફાઈ પાર્ટીમાં લઈ જાય, જ્યાં એ પેલી મહિલા કે યુવતીની ઓળખાણ પોતાની ખાસ ફ્રેન્ડ તરીકે આપે. બન્નેની ‘દોસ્તી’ બરાબર વિકસે પછી આ રાજકુમાર તગડી રકમ કામચલાઉ ઉધાર માગતો. ટૂંક સમયમાં સભર પરત પણ કરીને એની ‘મિત્ર’નો વિશ્વાસ જીતી લેતો. પેલા રાજસ્થાની છેલબટાઉ રાજકુંવરે આવી ૨૦-૩૦ જેટલી યુવતી-મહિલાને પોતાની મોહજાળમાં ફસાવી ૩૦-૪૦-લાખ જેવી જંગી રકમની ઉધારી કરી લીધી હતી. જો કોઈ એની ફ્રેન્ડ કામચલાઉ આપેલી રકમ પરત માગે તો બન્ને વચ્ચે કેવા ‘ગાઢ’ સંબંધ છે એના પુરાવારૂપી તસવીરો જાહેર કરવાની ધમકી આપી- થોડો સમય માટે એને શાંત કરીને એ એક દિવસ અદ્રશ્ય થઈ જતો.. પેલી ભલે એને શોધતી ફરે! અમુક મહિનાનો આરામ-વિરામ પછી આ નકલી કુંવર ફરી બીજા શહેરમાં બીજા નામે, સ્વાંગે પ્રગટતો. નવી લેડી જૂનો દાવ! આ નકલી કુંવરસાહેબની છેલ્લી શિકાર હતી મુંબઈની જ એક બહુ જ સુખી પરિવારની એક પરિણીત મહિલા. હાઈ સોસાયટીની એ મહિલા સાથે નકલી કુંવરે બહુ ઝડપથી દોસ્તી કરી લીધી. બન્ને પાર્ટીઓમાં સાથે મહાલતાં. એમની દોસ્તી એવી ગાઢ થઈ ગઈ કે બન્ને મુંબઈ બહાર પણ બે-ચાર વાર સાથે વેકેશન પણ માણી આવ્યાં. એક વાર નકલી રાજવી ઉર્ફે પેલા ફાંદાબાજે આ મહિલા ફ્રેન્ડ પાસે રૂપિયા પાંચ લાખ માગ્યા. પેલીએ મિત્રભાવે આપ્યા પણ ખરા. થોડા સમયમાં એ પરત કરી દીધા પછી પેલાએ ૧૦ લાખ હાથ ઊછીના લીધા. એ પરત કર્યા વગર થોડા દિવસ પછી ફરી બીજા પાંચ લાખની માગણી કરી તો પેલીએ અગાઉ આપેલા ૧૦ લાખ પરત આપવા કહ્યું. એમાંથી બન્નેનો સંબંધ વણસ્યો. પરિણીત ગર્લફ્રેન્ડે વધારાની રકમ આપવાની ચોખ્ખી ના પાડી દીધી તો પેલો એની જાત પર ગયો. સાથે ગાળેલા વેકેશન દરમિયાન લીધેલી કેટલીક અંતરંગ તસવીરો પરિણીત મહિલાના પરિવારને પહોંચતી કરવા ઉપરાંત સોશ્યલ મીડિયામાં વહેતી મૂકવાની એણે ધમકી આપી અને જાણે એ મહિલા આ ધમકીથી ડરી ગઇ હોય તેમ વધારાના પાંચ લાખ આપવા તૈયારી બતાવીને પેલાને બે-ત્રણ દિવસ વાતમાં વ્યસ્ત રાખ્યો. એ દરમિયાન, એણે પોલીસ ફરિયાદ નોંધાવી અને એના બોયફ્રેન્ડ ઉર્ફે નકલી રાજસ્થાની રાજવીર ઉર્ફે અસલી ફાંદેબાજ પુખરાજ દેસાઈને પોલીસે ઝડપાવી લીધો!



મૈં હું યહાં કા (નકલી) રાજકુમાર... !

### એક નામ... દો જોબ ઔર ડબલ પગાર!

એક પગારમાં ઘર ચાલતું ના હોય તો ઘણા નોકરિયાત પાર્ટટાઈમ જોબ કરે. આપણે ત્યાં મોટાભાગના લોકો આ વધારાના કામની વાત પોતાના શેઠ કે બોસથી છુપાવતા નથી તો ય એક આખો વર્ગ એવો પણ છે, જે પોતાના આ એક્સ્ટ્રા વર્કને જાહેર કરતાં નથી અને પોતાની રાબેતા મુજબની જોબની સમાંતરે આવું વધારાનું કામ કરે છે, જેના માટે ‘મુનલાઈટિંગ’ શબ્દ બહુ જાણીતો છે. આ પ્રકારનાં ‘મુનલાઈટિંગ’ ગેરકાયદે ગણાય છે.થોડા મહિના પહેલાં ગુઆન યુઈ નામની એક ચીની મહિલા પતિની મદદથી પાંચેક વર્ષ સુધી એક સાથે ૧૬થી વધારે જગ્યાએ આવું ગેરકાયદે મુનલાઈટિંગ કરતા ઝડપાઈ ગઈ હતી. આવા વધારાના જોબની આવકથી એણે એક આલીશાન વિલા બનાવ્યો હતો! આવો જ મુનલાઈટિંગનો એક કિસ્સો હમણાં ઉત્તર પ્રદેશમાં બહાર આવ્યો છે. જયપ્રકાશ સિંહ નામનો એક શખ્સ પ્રતાપગઢ જિલ્લામાં સરકારી નોકરી કરતો હતો. થોડા સમય બાદ એણે બારાબંકી જિલ્લાની એક સરકારી શાળામાં શિક્ષક તરીકે પણ જોબ મેળવી લીધી. થોડા સમય પહેલાં રાજ્યસરકારના સરકારી કર્મચારીઓ અને એ જે જોબ કરતા હતા એની ગણતરી ચાલતી હતી. એની ચકાસણી દરમિયાન જાણ થઈ કે પ્રતાપગઢ અને બારાબંકીમાં જે જયપ્રકાશ સિંહ નામના શખ્સ સરકારી નોકરીમાં છે એ કોઈ બે નહીં પણ એક જ વ્યક્તિ છે અને બધાને આંચકો એ વાતનો લાગ્યો કે આ જયપ્રકાશ સિંહ આ બન્ને સરકારી જોબ છેલ્લાં ૩૩ વર્ષથી કરી રહ્યો છે! આને કહેવાય ધોળે દિવસે ‘મુનલાઈટિંગ’ની છેતરપિંડી! આ ગુના માટે જયપ્રકાશને કોર્ટે ૭ વર્ષની કેદની સાથે રૂપિયા ૫૦ હજારનો દંડ પણ ફટકાર્યો છે.



### ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

» વડા પ્રધાન નરેન્દ્ર મોદીના અપવાદ સિવાય આજકાલ દેશમાં કોઈ રાજકારણી નેતા કરતાં પણ જો કોઈનાં નામ વધુ ચર્ચાઈ રહ્યાં હોય તો એ હાઈકોર્ટ કે આપણી સર્વોચ્ચ અદાલતના જજ- ન્યાયમૂર્તિઓનાં નામ છે. એમના કેટલાક ચુકાદા અલગ કેડી કંડારતા ઐતિહાસિક હોય છે. એમની કામગીરીથી મોટાભાગના નાગરિકો હેપ્પી...હેપ્પી છે. આમ છતાં, અપવાદરૂપ અમુક ચુકાદા વિચિત્ર પણ લાગે. તાજેતરમાં અલ્હાબાદના એક જજ વિવાદના ચક્કરમાં સપડાયા છે. દહેજ-મૃત્યુના કેસોમાં ન્યાયમૂર્તિ પંકજ ભાટિયાએ છેલ્લા ૩ મહિનામાં ૫૧૦માંથી ૫૦૮ આરોપીઓને જામીન પર છોડી દીધા છે! આવા વિવાદાસ્પદ ચુકાદાઓની સુપ્રીમ કોર્ટે પણ નોંધ લઈને આંખો લાલ કરી છે.

» ન્યાયમૂર્તિઓની વાત નીકળી છે ત્યારે આ વાત પણ જાણી લઈએ કે સમાજમાં સૌથી વધુ માનનીય સ્થાન ધરાવતા આપણા ન્યાયાધીશો વિરુદ્ધ છેલ્લાં ૧૦ વર્ષમાં ભ્રષ્ટાચાર, જાતીય ચેષ્ટા સહિત ૮૬૦૦ જેટલી ગંભીર ફરિયાદો નોંધાઈ છે અને એમાંય છેલ્લાં ૩ વર્ષમાં આ પ્રકારની ફરિયાદો સતત વધી રહી છે.

» આ પણ જાણી લો કે છેક ૧૯૮૭માં આપણા કાયદા કમિશને સૂચવ્યું હતું કે દર ૧૦ લાખની વસતિ માટે ૫૦ જજ હોવા જરૂરી છે પણ આજની તારીખે પ્રતિ ૧૦ લાખની વસતિએ માત્ર ૨૨ ન્યાયાધીશ જ મોજૂદ છે!

### ઈશિતાની એલચી

**પ્રશ્ન : નાસ્તિકની વ્યાખ્યા શું ?**
**ઉત્તર : જેને પોતાના પર પણ શ્રદ્ધા નથી એ નાસ્તિક...!**